Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 12, Issue 2, October 2026
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

આયુર્વેદ અને આરોગ્ય સંભાળ અગ્નિપુરાણના સંદર્ભમાં

બારીયા મહેશકુમાર તખતસિંહ

પી.એચ.ડી સ્કૉલર

(શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા, પંચમહાલ)

&

અજીતસિંહ આર પરમાર, શ્રી કે.આર દેસાઈ આર્ટ્સ, કોમર્સ કોલેજ ઝાલોદ

સારાંશ -

અગ્નિપુરાણમાં અનેક વિધાઓની જેમ આયુર્વેદ પણ એક મહત્વપૂર્ણ વિધારુપે આલેખાયું છે. માનવજીવન માટે સ્વાસ્થ્ય અતિ આવશ્યક છે.એટલે જ અગ્નિપુરાણમાં અન્ય વિધાઓની સાથે તેનું નિરુપણ સાર્થક લાગે છે.અગ્નિપુરાણમાં આરોગ્ય સંભાળ અને રોગોના કારણો તથા તેના ઉપાયોનું વિસ્તુત વિવરણ જોવા મળે છે. વિવિધ પ્રકાર ના રોગો અને માનસિક બીમારીઓ સામે ટકી રહેવાના સરળ ઉપાયો અગ્નિપુરાણ આપણને જણાવે છે.અગ્નિપુરાણ દ્વારા વર્ણવાયેલ આયુર્વેદિય સામગ્રીનુ વિવેચન કરવામાં આવ્યું છે.અહી આયુર્વેદ ની ઉત્પતિ થી માંડી તેના વિવિધ અંગો અને મૂળભૂત સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવી છે. આરોગ્ય ની સાથે સાથે અગ્નિપુરાણ સર્પ, વૃક્ષો, ગાય, હાથી, અશ્વ જેવા અને માનવ માટે અત્યંત ઉપયોગી એવી વનસ્પતિઓ કે પ્રાણીઓના સ્વાસ્થ્ય ની ચિંતા કરે એ તેની વિશેષતા છે. અહી આયુર્વેદ નું પ્રયોજન, આયુર્વેદ ની વેદમૂલકતા, આયુ નું પ્રમાણ, આયુર્વેદ નું લક્ષણ, બળ અને શક્તિ, ઔષધિના પ્રકાર, સુર્ય, વાયુ, જળ, અગ્નિ ચિકિત્સા સામવેદ અને ઉપનિષદોમાં આયુર્વેદ, બ્રાહ્મણ ગ્રંથો અને પુરાણોમાં આયુર્વેદ નું મહત્વ બતાવવામાં આવેલ છે. સંજીવની વિધા, કૌટિલ્ય અર્થશાસ્ત્ર માં આયુર્વેદ અને ચિકિત્સકો ના ચિકિત્સક ભગવાન શિવ અને દેવવૈધ અશ્વિનીકુમાર વિશે વર્ણન કરવામાં આવેલ છે

આધુનિક (AI) ના જમાનામાં (IKS) ભારતીય જ્ઞાન પરંપરાનું સંવર્ધન, સંરક્ષણ અને તેનું મૂલ્ય ટકાવી રાખવું ખૂબ જ જરૂરી બન્યું છે. આપણી ભારતીય પ્રાચીન સંસ્કૃતિ ,સભ્યતા, ઈતિહાસ,મૂલ્યની જાળવણી કરવી અત્યંત ઉપકારક બનશે.આધુનિક ટેક્નોલોજી ના સમયગાળા વચ્ચે આપણી જ્ઞાન પરંપરાને સાચવવી એ આપણી નૈતિક ફરજ છે. (Higher education) માં આપણી ભારતીય પરંપરાની નિરંતરતા સતત વહેતી રહે તેવા પ્રયત્નો કરવા જરુરી બન્યાં છે.

❖ આયુર્વેદનું પ્રયોજન -

આરોગ્યવસ્થા બનાવી રાખવી જ આયુર્વેદ નું લક્ષ છે આના બે પ્રયોજન બતાવવામાં આવ્યા છે.

प्रयोजनं चास्य स्वस्थस्य् स्वास्थ्य रक्षणमातुरस्य विकारप्रशमनं च ।(चरक. सू. ३०/२६)

(1) સ્વસ્થ વ્યકિતના સ્વાસ્થ્યની રક્ષા કરવી.

(2) રોગીના રોગોનું શમન કરવું.

❖ આયુર્વેદની વેદમૂલકતા -

ભારતીય પરંપરા અનુસાર વેદ જ્ઞાન- વિજ્ઞાન ના ભંડાર છે અને વિશ્વ માં એનાથી પ્રાચીન કોઈ સાહિત્ય નથી આ આયુર્વેદ વિજ્ઞાન જો કે અનાદિકાલ થી ચાલતો આવી રહ્યો છે વેદ નો જ ઉપવેદ ઉપાંગ છે ચરક અને સુશ્રુતની સંહિતાઓ આયુર્વેદ ના આકારગ્રંન્થના રુપમાં સમાવૃત છે.

આયુર્વેદ (વ્યુત્પત્તિ)

आयुषो वेदः आयुर्वेदः।

આયુ સબંધી વેદ ને આયુર્વેદ કહેવાય છે .

આચાર્ય સુશ્રુત ના મતાનુસાર - आयुरष्मिन् विधते, अनेनवाडड्युर्विन्दत्यायुर्वेद (सु.सू.१.१४) આયુ થી સંબધિત જ્ઞાન તથા દીર્ઘાયુના ઉપાયોની વિશદ ચર્ચા જે શાસ્ત્ર માં હોય તે આયુર્વેદ છે

અરુણદત્ત ના અનુસાર -

आयुर्वेदयति ज्ञापयति प्रकृतिज्ञान रसायनदूतारिष्टाधुपदेशादित्यायुर्वेदः ।

આયુર્વેદ શબ્દ માં બે શબ્દ છે આયુ તથા વેદ

आयुः + वेद = आयुर्वेद

❖ આયુ કા પ્રમાણ- અપ્રમાણ- આચાર્ય ચરકે સૂત્રસ્થાનના અર્થદશમહામૂલીય અધ્યાય માં આયુના પ્રમાણ, અપ્રમાણ નું વર્ણન કર્યું છે .

અર્થ (ઈન્દ્રિયોના પોતપોતાના વિષય, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ,ગંધ) ઈન્દ્રિય, મન ,બુધ્ધિ, ચેષ્ટાદિ માં અકારણ વિકૃત ચિન્હોના દેખાઈ પડવાથી આયુનું માન જાણી શકાય છે કે આટલી ક્ષણ, મૂહુત

તથા દિવસ થી એક પક્ષ (૧૫ દિવસ) એક માસ (૩૦ દિવસ) ૬ માસ અથવા એક વર્ષ ના બાદ આ વ્યક્તિ સ્વભાવ, પ્રકૃતિ (મૃત્યુ) ને પ્રાપ્ત થઈ જશે. સ્વભાવ કાર્યપ્રવૃતિઓની નિવૃત્તિ, મરણ, અનિત્યતા, નિરોધ, આ બધા શબ્દ મૃત્યુ ના પર્યાય છે આનાથી વિપરીત આયુના અપ્રમાણ હોય છેઆયુ का परिमाण - માનવની પૂર્ણ આયુનું માન ૧૦૦ વર્ષ છે . शतायुर्वै पुरुषः।

वर्षशतं खलु आयुषः प्रमाणमस्मिन् काले, सन्तिपुनःअधिकोनवर्षशतजीविनो मनुष्याः।

(च , वि , ८, १२२)

અર્થાત સામાન્યતયા મનુષ્ય ની આયુનું પરિમાણ ૧૦૦ વર્ષ છે.

❖ आयुर्वेद का लक्षण- तदायुर्वेदयतीत्यायुर्वेदः । (च, सू , ३०, २३)
તે આયુનું જ્ઞાન કરાવે છે અંતઃ તેનું નામ આયુર્વેદ છે .

स्वलक्षणतः सुखासुखतो हिताहिततः प्रमाणाप्रमाणतश्च, यत श्वापुष्पाण्यनापुष्पाणि च द्रव्यगुणकर्माणि वेदयायतोडप्यायुर्वेदः। (च, सु , ३०, २३)

પોતાના લક્ષણોથી સુખ, અસુખ થી હિત , અહિત થી અને પ્રમાણ, અપ્રમાણ થી તે આયુ નું જ્ઞાન કરાવે છે . કેમકે આયુષ્ય (આયુના માટે હિતકર તથા અનાયુષ્ય (આયુના માટે અહિત કર) દ્રવ્યો તથા તેના ગુણો તથા કર્મો નું જ્ઞાન કરાવે છે માટે તેને આયુર્વેદ કહે છે .

❖ આચાર્ય ચરક के मतानुसार

धातुसाम्यक्रिया चोक्तां तन्त्रस्यास्य प्रयोजनम्। (च, सू , १,५३)

ધાતુઓને સમ રાખવી એ આ તંત્ર (આયુર્વેદ) નું પ્રયોજન છે .

• આયુર્વેદ अध्ययन के योग्य-

આચાર્ય ચરક ના મતાનુસાર ચરક.સૂ. ૩૦,૨૯ આયુર્વેદ નું અધ્યયન બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો એ કરવું જોઈએ

* પ્રાણીઓના પ્રતિ કૃપા કરવાને માટે બ્રાહ્મણોને.

* આત્મરક્ષા તથા બધા પ્રાણીઓની રક્ષા ના માટે ક્ષત્રિયોને.

* આજીવિકાના માટે વૈશ્યોને આયુર્વેદ નું અધ્યયન કરવું જોઈએ.

* સામાન્ય દષ્ટિથી ધર્મ, અર્થ, કામ ની પ્રાપ્તિ ના માટે બધાએ આયુર્વેદ નું અધ્યયન કરવું જોઈએ.

❖ सुश्रुतसंहिता के मतानुसार-

इह खलु आयुर्वेदं नामोपागंमथर्ववेदस्यानुत्पाधैव प्रजाः श्लोकेसहस्त्रमध्यायसहस्त्रं च कृतवान स्वयम्भुः ब्रह्मा प्रोवाचततः प्रजापतिरधिजगे तस्मादश्विनौ, अश्विभ्यामिन्द्र इन्द्रादहं, मया त्विह प्रदेयमर्थिभ्यः प्रजाहितहेतोः। (सु,सू १.५ - १९)

સ્વયંભુ અર્થાત બ્રહ્માએ પ્રજાની સૃષ્ટી કરવાના પહેલા જ આયુર્વેદ ની રચના કરી હતી .આયુર્વેદ નું પ્રવચન સર્વ પ્રથમ બ્રહ્માએ કર્યું. તેમનાથી પ્રજાપતિએ શીખ્યું. પ્રજાપતિથી બંને અશ્વિનીકુમારોએ અને તેમનાથી ઈન્દ્રએ આયુર્વેદ નું અધ્યયન કર્યું. ઈન્દ્ર થી આ જ્ઞાન ધન્વન્તરીએ પ્રાપ્ત કર્યું. ધન્વન્તરીએ આ જ્ઞાન પોતાના શિષ્યોને આપ્યું.

❖ सामवेद में आयुर्वेद-

સામવેદ માં આયુર્વેદ વિષયક સામગ્રી અન્ય ત્રણ વેદોની અપેક્ષા ઓછી છે . છતા પણ વૈધ, ચિકિત્સા, દીર્ધાયુષ્ય બળ આદિ થી સંબધિત મંત્ર યત્ર તત્ર પ્રાપ્ત થાય છે .

સામવેદ માં અનેક મંત્રો માં ઓજ અને તેજ ની પ્રાર્થના કરવામાં આવી છે . અગ્નિ અમને વર્ચસ્વ અને મહાન શક્તિ આપે .ઈન્દ્ર અમને જ્ઞાન, તેજ અને સ્થાયી શક્તિ આપે . સોમ અમને વર્ચસ્વીતા ના માટે શક્તિ, વેગ અને સૌંદર્ય આપે . પરમાત્મા ના શ્રેષ્ઠ તેજ અમે હાથ માં ધારણ કરીએ છીએ. ઓજ ની પ્રાપ્તિ માટે અમે અગ્નિ ને નમસ્કાર કરીએ છીએ. તેજ થી મનુષ્ય દેવલોક સુધી પહોંચી જાય છે .પરમાત્મા અમને તેજ તેમજ યશ આપે. ઉદાર પરમાત્મા જ્યોતિ આપીને અમારી રક્ષા કરે છે પરમાત્મા અમને સદા જ્યોતિ અને આનંદ આપે.(સામવેદ, ૫૨૦,૬૨૫,૮૩૪,૧૪૬૨,૧૧.૮૭૫,૬૦૨,૧૩૫૯,૧૦૪૮)

प्र न आयूषि तारिषत्। (साम , १८४)

निष्कर्ता विहुतं पुनः। (साम , २४४)

સામવેદ માં અશ્વિનીકુમારોના અતિરિક્ત ઈન્દ્ર ને પણ મહાન ચિકિત્સક કહેવામાં આવ્યો છે . તે કોઈ પ્લાસ્ટર ની સહાયતા વગર જ ગર્દન આદિની ટૂટી ગયેલા હાડકાને જોડી દે છે તથા બધા અંગ- ભંગ ને વ્યવસ્થિત કરી દે છે . (સામવેદ , ૨૪૪)

❖ उपनिषदो में आयुर्वेद -

ચરકસંહિતા માં રોગ તથા પુરુષોત્પતિ ના વિષય માં જેટલા મત યા વાદો નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે બધાના વર્ણન ઉપનિષદોમાં પ્રાપ્ત થાય છે આ તમામ વાદ બૌધકાલ માં પ્રચલિત

હતા . તેની સંખ્યા ૬૨ હતી. ચરક સંહિતા સૂત્રસ્થાન ના ૨૫ માં અધ્યાય માં આ વાદોની સમીક્ષા કરવામાં આવી છે સુશ્રુત સંહિતામાં આ વાદોનું વર્ણન શારીરસ્થાન માં કરવામાં આવે છે .

स्वभावमीश्वरे कालं यदच्छां नियतिं तथा ।

परिणाम च मन्यते प्रकृतिं पृथुदर्शिनः। । (सु,स १,११)

❖ બ્રાહ્મણ ગ્રન્થો મેં આયુર્વેદ-

ऋतुसंधि-व्याधियों 'ऋतुसंधिकाल' માં ઉત્પન થાય છે વર્તમાન ઋતુના અંતિમ સપ્તાહ અને અગ્રિમ ઋતુના પ્રથમ સપ્તાહ 'ઋતુસંધિ ' કહેવાય છે . ઋતુસંધિના પૂર્વઋતુની વિધિના ધીમે ધીમે ત્યાગ કરી નવી ઋતુની વિધિઓને ધીમે ધીમે ગ્રહણ કરવી જોઈએ. એટલે ઋતુસંધિ માં થવાવાળા રોગો થી રક્ષાના ઉપાય બ્રાહ્મણ ગ્રન્થો માં વર્ણિત છે .

ઋતુસંધિ માં થવાવાળા રોગોથી રક્ષાને માટે ઉપાય ' યજ્ઞ ' બતાવ્યો છે આ યજ્ઞો માં જે સામગ્રી ઉપયોગ માં લાવવામાં આવે છે તે પણ પ્રત્યેક ઋતુના અનુસાર હોય છે આ સામગ્રી માં ચાર પ્રકાર ના દ્રવ્ય હોય છે . સુગંન્ધિત દ્રવ્ય, પુષ્ટિકારક, મિષ્ટદ્રવ્ય, રોગનાશકદ્રવ્ય,આ પ્રકાર ની સામગ્રી થી હવન કરવાનો ઉલ્લેખ બ્રાહ્મણ ગ્રન્થો માં હોય છે .

भेषज्य यज्ञा वा एते।

तस्मादतुसन्धिषु प्रयुज्यन्ते।

ऋतुसंन्धिषु वै व्याधिर्जायते। (गोपथ- ३,१,१९)

આ ઔષધિઓના જ યજ્ઞ છે એટલે ઋતુઓની સંધિઓમાં યજ્ઞ કરવામાં આવે છે .

શતપથ બ્રાહ્મણ માં અસ્થિઓની સંખ્યા ૩૬૦ બતાવી છે આના અતિરિક્ત શરીર ના વિવિધ અંગો નું પણ વર્ણન બ્રાહ્મણ ગ્રન્થો માં વિશેષ રુપ થી પ્રાપ્ત થાય છે .એતરેય બ્રાહ્મણ માં અશ્વિનીકુમારોને દેવતાઓના ચિકિત્સક કહેવામાં આવ્યા છે . તથા સાથે જ જ્ઞાનેન્દ્રિયોનું વર્ણન, ઔષધિઓ દ્વારા રોગ નિવારણ, નેત્રરોગ માં અજ્જન પ્રયોગ, શાપાદિથી ઉન્માદ તથા કુષ્ઠરોગોની ઉત્પતિ આદિનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે .

❖ પુરાણો માં આયુર્વેદ- વિષ્ણુપુરાણ માં જ્વર, નેત્રરોગ, અતિસાર, ગુલ્મ, શિરોરોગ, શૂલ, ભંગદર, શ્વાસરોગ, શરદી, આદિ શારીરિક રોગ તથા કામ , ક્રોધ, ભય દ્વેષ ,લોભ, મોહ આદિ માનસરોગો નું વર્ણન કરવામાં આવ્યું છે .

અગ્નિપુરાણ માં અનેક શ્લોક ચરક સંહિતા થી ઉદ્ધત છે . તેમાં સિદ્ધોષધાનિ, સર્વરોગહરાણી, ઔષધાની, રસાદિવૃક્ષ,આયુર્વેદ મંત્ર, મૃત સંજીવની આદિ સિધ્ધિયોગોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે . તેની સાથે સાથે સૃષ્ટિ ઉત્પત્તિ, શારીરશાસ્ત્ર, સ્વપ્ન, શકુન, સ્વાસ્થ્ય રક્ષા, દ્રવ્ય વર્ણન, રસશાસ્ત્ર,પશુચિકિત્સા આદિનો પણ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે વિષ્ણુપુરાણ માં અનેક રોગોની ચિકિત્સા યોગોનું વર્ણન મળે છે .

પદ્મપુરાણ માં આયુર્વેદ થી સંબધિત મૌલિક સિદ્ધાંત વિષયક સામગ્રી પ્રચુર માત્રા માં ઉપલબ્ધ છે . સૃષ્ટિ ઉત્પત્તિ અને ગર્ભાવકાંન્તિ ના પ્રકરણ અધિક વિકસિત પ્રતીત થાય છે તથા આધુનિક વિજ્ઞાન થી અધિક સામંજસ્ય રાખે છે .

પદ્મપુરાણ માં ક્ષુધા ને સમસ્ત વ્યાધિઓ માં શ્રેષ્ઠ કહેવામાં આવી છે . ક્ષુધા એક એવી વ્યાધિ છે જે તીવ્ર થવા પર સમસ્ત બળનો ક્ષણ માત્ર માં વિનાશ કરી દે છે . જે પ્રકારે અન્ય વ્યાધિઓ ના કારણે મનુષ્ય નું મૃત્યુ થઈ જાય છે . તેજ પ્રકારે ક્ષુધા થી પણ થઈ જાય છે આવી ક્ષૃધા થી આકાંન્ત વ્યકિત ને માટે અન્ન જ યામ ઔષધ છે .

ગરુડપુરાણ માં ચિકિત્સાશાસ્ત્ર સબંધિત અધ્યાય ૫૦ થી ૫૫ સુધી છે . તેમાં હિતાહિત, પથ્યાપથ્ય, અનુપાન, વાજીકરણ, આદિ નું વિશદ વર્ણન કરવામાં આવ્યું છે .

બ્રહ્મવૈવતપુરાણ માં આયુર્વેદ ની ઉત્પત્તિ નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે . બ્રહ્મા એ આયુર્વેદ ના શાસ્ત્ર ઉત્પન્ન કર્યું તથા આ જ્ઞાન ભાસ્કર ને આપ્યું . ભાસ્કરે તેના આધાર પર પોતાની સ્વતંત્ર સંહિતા 'ભાષ્કર સંહિતા 'નું નિર્માણ કર્યું. તથા આ જ્ઞાન પોતાના સોળ શિષ્યોને આપ્યુ.

❖ **व्याकरण शास्त्र में आयुर्वेद**- પાણિની સૂત્ર ૫.૧.૩૯

तस्य निमितं संयोगोत्पातौ પર કાત્યાયને વાત ,પિત્ત, કફ નો ઉલ્લેખ કર્યો છે . વાત ના રુગ્ણ ને વાતકી કહેવામાં આવ્યું છે . પિત્ત સિધ્માદિ ગણ (૫.૨.૯૭) માં તથા શ્લેષ્મા યા કફ યામાદિ ગણ (૫.૨.૧૦૦) માં વર્ણિત છે .

રોગોની ચિકિત્સા કરવા માટે **रोगाच्चायनयने** (૫,૪ ,૪૯) રોગ ના નામના સાથે તસ્ પ્રત્યય જોડીને ફ્ ધાતુથી શબ્દ બનાવ્યા છે .

प्रवाहिकातः कुरु (અર્થાત પ્રવાહિકા ની ચિકિત્સા કરે)

कासतःकुरु (અર્થાત કાસ રોગ ની ચિકિત્સા કરે)

❖ મહાભારત-

तमुपाध्यायः प्रत्युवाच, अश्विनौस्तुहि। तौ देवभिषजौ त्वां चक्षुष्मन्तुं कर्तारावितिा

(महा, आदि, ३,५६)

મહાભારત સભાપર્વ માં નારદ યુધિષ્ઠિર થી તેમના વૈધ ના અષ્ટાંગ આયુર્વેદ માં નિપુણતા ના વિષય માં પ્રશ્ન કરે છે .

❖ संजीवनी विधा-

મહાભારત, આદિપર્વ અધ્યાય ૭૦ માં યયાતિ ના ચરિત્ર વર્ણન માં એક કથા બૃહસ્પતિના પુત્ર કચ અને શુક્રાચાર્ય ની પુત્રી દેવયાની ના વિષય માં છે . એકવાર ઐશ્વર્ય ના માટે દેવતાઓ અને અસુરો વચ્ચે યુધ્ધ થયું. દેવાસુર સંગ્રામ માં વિજય પામવાની ઈચ્છાથી દેવતાઓએ બૃહસ્પતિને પોતાના પુરોહિત બનાવ્યા અને અસુરોએ શુક્રાચાર્ય ને . દેવતા જે દાનવોને યુધ્ધ માં મારી નાખતા હતા. શુક્રાચાર્ય પોતાની સંજીવની વિધાના બળ થી તેમને પુનઃ જીવિત કરી દેતા હતા . બૃહસ્પતિના પાસે સંજીવની વિધા ન હતી. આનાથી દેવતાઓએ બૃહસ્પતિના પુત્ર કચ ને શુક્રાચાર્ય ની પાસે સંજીવની વિધા શીખવા માટે મોકલ્યો .કચે દેવતાઓની આ વાત સ્વીકારી. અને શુક્રાચાર્ય ની પાસે જઈને બ્રહ્મચર્ય વ્રત ધારણ કરીને પાંચ વર્ષો સુધી સંજીવની વિધા શીખી. જ્યારે દાનવોને આ ભેદ ની ખબર પડી ત્યારે તેમણે કચ ને મારી નાખ્યો. પરંતુ શુક્રાચાર્યે પોતાની પુત્રી દેવયાની ના કહેવા પર તેને પુનઃ જીવિત કરી દિધો. આજ પ્રમાણે બીજી વાર થયું. શુક્રાચાર્ય કચ ની ભક્તિ થી પ્રસન્ન થયા અને તેને સંજીવની વિધા નું વરદાન આપ્યું. કચ વિધા શીખીને જ્યારે ગુરુ ના ઘર થી પાછો આવવા લાગ્યો ત્યારે દેવયાની એ કચ સામે વિવાહ નો પ્રસ્તાવ કર્યો. પરંતુ કચે ગુરુકન્યા હોવાથી પૂજનીય માનીને તેના પ્રસ્તાવ નો અસ્વીકાર કર્યો . આનાથી ક્રોધિત થઈ ને દેવયાનીએ કહ્યુ કે તમારી આ વિધા ફળવતી નહી થાય. આ વાત પર કચે કહ્યુ કે તમારુ આ વચન કામ ના કારણ છે ધર્મ થી નહી. એટલે હુ જેને આ વિધા શિખવી દઈશ તેને ફળવતી થશે.

फलिष्यति न ते विधा यतं त्वं मामात्थ तत् तथा।

अध्याययियिष्यामि तु यं तस्य विधा फलिष्यति। । (महा, १,७७,२०

❖ कौटिल्य अर्थशास्त्र में आयुर्वेद-

અગદતંત્ર- ઔપનિષદિક અધિકરણ માં અગદતંત્ર તથા વિષવિધા નું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. રાજાઓના શત્રુઓની સંખ્યા અધિક હોય છે .આ શત્રુ સમીપવર્તી, સેવકાદિ ની

સહાયતા થી રાજાના ખાનપાન માં વિષ મેળવી દેતા હતા સ્ત્રીઓ પણ સૌભાગ્ય ના લોભ તથા બીજાના કહેવાથી રાજાને વિષ આપી દેતી હતી . આ વિષ અન્ન- પાન ના અતિરિક્ત વસ્ત્ર, માલા, આભૂષણ, શય્યા, સ્નાન, જળ આદિ ના રુપ માં પણ આપી શકાતુ હતુ. એટલે આ વસ્તુઓની વિધિવત પરીક્ષા અનિવાર્ય છે . કૌટિલ્ય માં વિષ ચિકિત્સા માં નિપુણ વૈધ ને જાંગલી વૈધ કહેવામાં આવ્યા છે . એટલે વિષવિધા ના જ્ઞાતા તથા અન્ય ચિકિત્સાગણ ના પણ રાજાના સમીપ રહેવાના વર્ણન છે . (અર્થ, વિનયા ૨૧.૨૬)

ઉદ્દેશ્ય- મુખ્ય ઉદ્દેશ્ય પ્રાચીન ભારતીય સંસ્કૃતિ માં મળતા આયુર્વેદિય ઉપચારોનું સંરક્ષણ કરી આધુનિક યુગ માં તેના લાભાલાભ થાય તે છે. જે પ્રાચીન આયુર્વેદ ના દ્રવ્યો આજના સમયમાં અમુલ્ય વારસા સમાન છે.

પદ્ધતિ- અહી ઐતિહાસિક પદ્ધતિ અને વિવરણાત્મક પદ્ધતિ મુખ્ય રુપે રહેલ છે.

સંદર્ભ સૂચિ

1. ઠાકર, શાંતિભાઈ. (૧૯૮૨). અગ્નિપુરાણ (શુદ્ધ ગુજરાતી ભાષાંતર) (૨જી આવૃત્તિ).

2. खेमका, राधेश्याम (सम्पा.). आरोग्यांक (कल्याण).

3. यादव, दीपक. आयुर्वेद का इतिहास (भाग १). (प्राक्कथन: प्रो. रामहर्ष सिंह).

4. खेमका, राधेश्याम (सम्पा.). आरोग्य अंक.

5. જોષી, પ્રજ્ઞા જોગેશ. વેદામૃતમ.

6. શાસ્ત્રી, ગિરિજાશંકર મયાશંકર. યોગ રત્નાકર (ઉત્તરાર્ધ ૨).